

## વડગામમાં વાતાવરણમાં પલટો આવતાં અષાઢી માહોલ

બનાસકાંઠા જિલ્લાના વડગામ પંથકમાં બપોરના સમયે અચાનક વાતાવરણમાં પલટો આવતાં અષાઢી માહોલ સર્જાયો હતો. અચાનક ધોધમાર વરસાદ વરસતા થોડીવારમાં વડગામ શહેરના માર્ગો ઉપર પાણી પાણી જોવા મળ્યું હતું. વડગામ પંથકમાં બફારા બાદ ગરમીનો પ્રકોપ રહેવા પામ્યો હતો. ભારે ગરમી અને બફારા બાદ અચાનક એકાએક આકાશમાં કાળા ડીબાંગ વાદળો છવાઈ ગયા હતા. બપોરના સમયે વરસાદ તુટી પડતાં લોકોને ગરમીમાં રાહત થઈ હતી. ભાદવાની ગરમી માં અષાઢી માહોલ સર્જાતાં વડગામ પંથકમાં નહીવત વરસાદથી લોકોમાં પણ આનંદ છવાયો હતો. ગરમી અને બફારાથી લોકોમાં ઢાઢક પ્રસરી ગઈ હતી.

# બાયડ નજીક ખેતરમાં વીરપ્પનો ત્રાટક્યા

## ૩ લાખના ૭ ચંદનના ઝાડ કટરથી કાપી ચોરી કરી ફરાર

બાયડ, તા. ૨૧

બાયડ શહેરના ગાબટ રોડ પર આવેલા ખેતરમાં ખેડૂતે ૧૪૦ સફેદ ચંદનના છોડનું વાવેતર કરી છેલ્લા ૧૦ વર્ષથી ભારે માવજત પછી ઝાડના રૂપમાં તૈયાર થયા છે. ખેતરમાં ઉભા ચંદનના ઝાડ જોઈ ચંદનચોર ટોળકી ત્રાટકી ૭ ચંદનના ઝાડ કાપી અને ૧૫ ઝાડ પર ઘા મારી રફુચક્કર થઈ જતા ભારે ચકચાર મચી હતી. ખેતરમાં ઉભા ચંદનના ઝાડ કાપીને લઈ જવામાં આવતા ખેડૂતે બાયડ પોલીસને જાણ કરતા બાયડ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



બાયડ શહેરથી ૨ કિમી દૂર ગાબટ રોડ પર આવેલા વિઠ્ઠલભાઈ શંકરભાઈ પટેલના ખેતરમાં ગુરુવારે રાત્રીના સુમારે વીરપ્પનો ત્રાટકી ખેતરમાં ઉભા ચંદનના ૧૪૦ ઝાડમાંથી ૭ ચંદનના ઝાડ કટર થી કાપી અને ૧૫ જેટલા ચંદનના ઝાડ પર કાપા મારી ૭ ઝાડની ચોરી કરી લઈ જતા ખેડૂતના માથે આભ તૂટી પડ્યું હતું. ૧૦ વર્ષની ભારે જહેમત પછી જતન કરેલા ચંદનના ઝાડની ચોરી થતા અંદાજે ૩ લાખ રૂપિયાનું નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. ચંદનના ઝાડની ચોરી અંગે બાયડ પોલીસને જાણ કરતા બાયડ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બાયડ પંથકમાં ચંદન ચોર ટોળકી સક્રિય થતા ચંદનના ઝાડની ખેતી કરનાર અને ખેતરમાં અને ઘર આગળ એકલ-દોકલ ચંદનના ઝાડ ધરાવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

## કાંકરેજ તાલુકાની બનાસ નદીના પટમાંથી રેતી ખનન કરી ચોરી કરતા સાત ડમ્પરો ઝડપાયા

કાંકરેજ, તા. ૨૧

ઉત્તર ગુજરાતમાં બનાસ નદીની રેતી ખુબજ ઉપયોગી સાબિત થઈ ગઈ છે ત્યારે કાંકરેજ તાલુકાના ઉંબરી રાનેર નદીના પટમાં તેમજ કંબોઈ રોડ પાસેથી સાત જેટલી રેતી ભરેલી ડમ્પરો અલગ અલગ જગ્યાએથી ખાણ ખનિજ ખાતાના અધિકારીઓ દ્વારા ચેકીંગ દરમિયાન ઝડપી પાડી હતી અને કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં રોયલ્ટી ઈન્સપેક્ટર શક્તિદાન જે. ચારણ તથા સુપરવાઈઝર કે.ડી. ડાભીએ રેતી ભરેલી જીજે૨૪. એક્સ. ૭૮૮, જીજી.૨૪. એક્સ. ૫૫૮૮, જીજે.૨૪.વાય. ૩૯૬૩, જીજે. ૨૧.ટી. ૪૩૭૯, જીજે.૨૪.એક્સ.૧૪૪૦, જીજે. ૦૨. ઝેડઝેડ.૫૯૬૫, જીજે.૧૮. એઝેડ.૯૮૮૧ નંબરની ગાડીઓ સિઝ કરી શિહોરી પોલીસ સ્ટેશનમાં સુપરત કરી હતી અને એક ગાડી દીઠ રૂ. સાત લાખથી માંડી બાર લાખ રૂપિયા જેટલો દંડ ફટકાર્યો હતો. ત્યારે ભુમાફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો. સતત રાત દિવસ બનાસ નદીના વહેણની અંદર રેતીનું ખનન કરી સરકારને કરોડો રૂપિયાની રોયલ્ટીનો ચૂનો લગાવે છે ત્યારે ખાણ ખનિજ દ્વારા ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી. આવા રેતી ચોરી કરતા વાહનો ઝડપી પાડી એક કરોડ રૂપિયા ઉપરાંતનો દંડ વસૂલ કરવામાં આવશે. એક તરફ ખેડૂતો માટે પાણીની સમસ્યાઓ દૂર કરવા સરકારે નદીમાં પાણી છોડવામાં કવાયત હાથ ધરી છે ત્યારે બીજી તરફ ભુમાફિયાઓ દ્વારા પાણી બંધ કરી પોતે રાત દિવસ રેતી ચોરી કરી રહ્યા છે. તંત્ર દ્વારા કરવામાં આવેલ કામગીરીને લોકો બિરદાવી રહ્યા છે.



## સાંસદ અને રેલવે અધિકારીઓ સાથેની બેઠક મુલત્વી રહી

હિંમતનગર, તા. ૨૧

અમદાવાદથી હિંમતનગર વચ્ચે આગામી દિવસોમાં શરૂ થનારી ટ્રેનસેવા તથા રેલવે સ્ટેશન પર ઉપલબ્ધ કરાયેલી સુવિધાઓની સમીક્ષા કરવાના આશયથી તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ ખાતે સાબરકાંઠાના સાંસદ અને રેલવેના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાવાની હતી. પરંતુ કેટલાક કારણોસર આ બેઠક મુલત્વી રહી હતી અને હવે પછી આ બેઠક આગામી તા. ૧૦ ઓક્ટોબરના રોજ મળશે.

આ અંગે રેલવેના આધારભુત સુત્રોના જણાવાયા મુજબ સાબરકાંઠા અને અરવલ્લીની પ્રજા અમદાવાદથી હિંમતનગર વચ્ચે જલ્દી ટ્રેનસેવા શરૂ થાય તેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહી છે. દરમ્યાન રેલવેતંત્ર દ્વારા ટ્રેનસેવા શરૂ કરવા માટેનો અભ્યાસ કરીને કેન્દ્રમાંથી લીલી ઝંડી મળે તેની રાહ જોવાઈ રહી છે. થોડા દિવસ અગાઉ હિંમતનગર, સોનાસણ અને તલોદ રેલવે સ્ટેશનોનું લોકાર્પણ પણ કરી દેવાયુ છે. તેમ છતાં હજુ ટ્રેનસેવા શરૂ થઈ નથી. જેના લીધે બે વર્ષ કરતા વધુ સમયથી જિલ્લાની પ્રજાને ખાનગી વાહનોમાં મોંઘી મુસાફરી કરવી પડી રહી છે.

# તાલુકા પંચાયતની સામાન્ય સભામાં વિકાસ કામોમાં ખાયકીને મુદ્દે હોબાળો

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગર તાલુકા પંચાયતની શુક્રવારે મળેલી સામાન્ય સભામાં સત્તાધારી ભાજપ પર વિપક્ષે પ્રશ્નોનો મારો ચલાવીને સામાન્ય સભાને તોફાની બનાવી દીધા હોવાના દ્રશ્યો ખડા કરી દીધા હતા. તેમજ પ્રમુખ પર વિપક્ષે વિકાસના કામોમાં થતી ખાયકીનો આક્ષેપ કરીને સભામાં હોબાળો મચાવી દીધો હતો. ઉપરાંત સત્તાધારી પક્ષના એક સભ્ય ગમે તે કારણસર થોડા સમય અગાઉ તાલુકા વિકાસ અધિકારીની ચેમ્બરમાં ઘુસી જતા તે મુદ્દો તે સમયે ચર્ચાસ્પદ બન્યો હતો. જોકે સત્તાધારી પક્ષે શુક્રવારે મળેલી સામાન્ય સભામાં નર્મદાબંધમાં જળસપાટી ૧૩૮.૨૮ મીટરે પહોંચતા તેની ઉજવણીને આવકારીને સર્વાનુમતે ઠરાવ પણ કર્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર તાલુકા પંચાયતમાં અત્યારે શાસન ભાજપનુ છે ત્યારે તેમાં પ્રમુખ તરીકે નયનાબેન પટેલ સત્તાનુ સુકાન સંભાળી રહ્યા છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ભાજપના કેટલાક સભ્યો વિકાસકામોમાં ખાયકી કરીને તાલુકા પંચાયતના સંલગ્ન વિભાગના કર્મચારીઓ પાસેથી રોકડી કરતા હોવાના આક્ષેપો કરી વિપક્ષના હરેશભાઈ પ્રજાપતિ અને અમીત પટેલે સામાન્ય સભાને ગજવી દઈ હોબાળો મચાવી દીધો હતો.

તો બીજી તરફ સામાન્ય સભામાં વિપક્ષે પ્રમુખ પર એવો આક્ષેપ કર્યો હતો કે તાુકા પંચાયતના વહીવટમાં તેમના પરીવારજનો ચંચુપાત કરીને અધિકારીઓ અને કર્મચારીઓને ધાકમાં રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે. જેને લઈને સામાન્ય સભામાં સન્નાટો પ્રસરી ગયો હતો. તો બીજી તરફ શુક્રવારે મળેલી સામાન્ય સભામાં તાલુકાના એક અરજદારનો સહાયનો ચેક અન્ય ખાતામાં જમા થઈ જતા તે અંગે પણ વિરોધનો સુર ઉઠવા પામ્યો હતો. જોકે આ સામાન્ય સભામાં સર્વાનુમતે નર્મદાની જળસપાટી ૧૩૮.૨૮ મીટર પહોંચતા તેના વધામણાની ખુશીમાં ઠરાવ કરાયો હતો. કેન્દ્ર સરકારે કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને ૩૫ એ હટાવી લેતા અભિનંદનનો ઠરાવ કરાયો હતો. સત્તાધારી ભાજપના એક સભ્યએ ભ્રષ્ટાચારના મુદ્દે પ્રમુખ તથા સભ્યોને શાનમાં સમજી જવાનો ઈશારો કરીને પક્ષના શિસ્તમાં રહેવા અપીલ કરી હતી.

## પાલનપુર શહેરના આર.સી.સી. રોડને વિના પરમીશને તોડી દઈ ગેસ લાઈન નાખતાં આઈ.આર.એમ.ના કોન્ટ્રાકટરો સામે કાર્યવાહી કરવા ઉઠી જનમાંગ

પાલનપુર શહેરમાં હાલમાં જાહેર રસ્તાઓની હાલત દયનીય બની ગઈ છે. જ્યાં જુઓ ત્યાં ડીસ્કો રોડ જાવા મળે છે. અને રાત્રીના સમયની વાત તો જવા દો દિવસે પણ શહેરના રહેણાંક વિસ્તારના જાહેર માર્ગે ચાલવામાં મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જ્યાં જુઓ ત્યાં જાહેર રોડની તોડફોડ કરવામાં આવી રહી છે. કેટલીક જગ્યાએ વરસાદી નાળાઓ નાખવાની કામગીરી તો કેટલીક જગ્યાએ ગેસ પાઈપ લાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે. જેમાં જાહેર રોડ તોડવા નગરપાલિકાની વહીવટી મંજુરી લેવી જરૂરી હોય છે. તેમ છતાંય હાલમાં પાલનપુર શહેરના શક્તિનગર ભાગ.૧, ભાગ.૨ તથા કોલેજ કમ્પાઉન્ડ વિસ્તાર માનસરોવર રોડ જેવા વિસ્તારોમાં ગેસ પાઈપ લાઈનવાળા કોન્ટ્રાકટરો દ્વારા હમણાં તાજેતરમાં બનાવેલા મજબુત આરસીસી રોડને નગરપાલિકાની મંજુરી વિના આઈ. આર. એમ.ની પાઈપ લાઈન નંખાઈ રહી છે જેના કારણે રહેણાંક વિસ્તારના રોડ ઉબડ ખાબડ બની ગયેલ છે. આવા મનમાની કરનાર કોન્ટ્રાકટર સામે નગરપાલિકાના લાગતા વળગતા અધિકારીઓએ કાયદેસરની કાર્યવાહી કરવી જાઈએ તેવી શહેરીજનોની માંગ ઉઠવા પામી છે.

# રાજલક્ષ્મીએ ૯.૫ ટનના ટ્રકને ખેંચીને લોકોમાં આકર્ષણ જમાવ્યું

દેશ ના વડાપ્રધાનનાની વાત લઈને આજે વડનગરમાં જોવા મળી હતી. પ્લાસ્ટિક મુક્ત ભારત જન જાગૃતિ અભિયાન અંતર્ગત બુલેટ લઈને મહિલા દિલ્હીથી વડનગર આજે ૫ દિવસે પહોંચી હતી. ૫ સપ્ટેમ્બરે દિલ્હીથી નીકળેલ વડાપ્રધાનના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે આજે રાજલક્ષ્મી મંડા નામની મહિલા દિલ્હીથી વડનગર બુલેટ લઈને પહોંચી હતી. ૧૫ સપ્ટેમ્બરે દિલ્હીથી નીકળેલ શ્રીમતી રાજલક્ષ્મી મંડા આજે વડનગર પહોંચતા તેમનું



શ્રીમતી રાજલક્ષ્મી મંડા વડનગર આજે પહોંચતા તેને શહેરીજનો દ્વારા વાજતે ગાજતે વધાવવામાં આવી હતી. આ બાઈક ૪ રાજ્યોમાંથી ૫ દિવસમાં પસાર થઈને આજે આ મહિલા વડનગર પહોચી હતી સાથે મહિલા રાજલક્ષ્મીએ પોતાના હાથથી ૯.૫ ટનનું ટ્રકનું વાહન ખેંચીને લોકોમાં આકર્ષણ જમાવ્યું હતું છે.

૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસની ઠેર ઠેર અનોખી ઉજવણીઓ કરવામાં આવી હતી. ત્યારે પ્લાસ્ટિક મુક્ત ભારત જન જાગૃતિ અભિયાન અને વડાપ્રધાનના ભાઈ અને સામાજિક અગ્રણી સોમાભાઈ મોદી તેમજ જિલ્લા કલેકટરના હસ્તે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજલક્ષ્મી મંડા બુલેટ લઈને ૪ રાજ્યોમાંથી પસાર થઈને આજે સવારે વડનગર પહોંચી હતી. જેમના સન્માનમાં રેલી અને સભા યોજાઈ હતી. ઉલ્લેખનિય છે કે, રાજલક્ષ્મીએ પોતાના હાથથી ૯.૫ ટનનું વાહન ખેંચીને વર્લ્ડ રેકોર્ડ પણ નોંધાવેલ છે અને આજે વડનગરમાં રાજલક્ષ્મીએ આઈસર ટ્રક ખેંચી હતી. જે લોકોમાં આકર્ષણની કેન્દ્ર બની હતી.

## અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિનો "નવા ટ્રાફિક વ્હીકલ એક્ટ"ના વિરોધમાં મોડાસા ચાર રસ્તા પર ચક્કાજામ



મોડાસા, તા. ૨૧

રાજ્ય સરકારે ૧૫ દિવસ રાહત પણ આપી દીધી છે, બીજી બાજુ વિરોધ પક્ષમાં બેસેલી કોંગ્રેસે સરકારના આ નિયમ વિરુદ્ધ સમગ્ર દેશમાં જુદી-જુદી રીતે વિરોધ કરી પ્રદર્શન કરી રહી છે.

અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા "નવા ટ્રાફિક વ્હીકલ એક્ટ"નો વિરોધ નોંધાવવા જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના હાર્દસમા ચાર રસ્તા પર પહોંચી ચક્કાજામ કરી "ટ્રાફિક નિયમનો નવો કાયદો રદ કરો પ્રજાને લૂંટવાનું બંધ કરો" અને "હાય રે ભાજપ હાય હાય"ના ભારે સૂત્રોચ્ચાર કરતા સતત વાહનોની અવર-જવરથી ધમધમતા ચાર રસ્તા પર વાહનવ્યવહાર થંભી ગયો હતો. ટ્રાફિક જામના પગલે દોડી આવેલી મોડાસા ટાઉન પોલીસે કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરોને હટાવ્યા હતા ૧૨ કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા.

## ઊંઝામાં દાસજ ગામે એટીએમ બુથ તોડી મશીન અને ડી.વી.આર.ની ચોરી

ઊંઝા, તા. ૨૧

ઊંઝા નજીકના દાસજ ગામે રાત્રિના સમયે કોઈ તસ્કરોએ સીન્ડીકેટ બેંકના એ.ટી.એમ. મશીના રૂમનુ તાળુ તોડી અંદર પ્રવેશીને એ.ટી.એમ. બુથ તોડી મશીન તથા સી.સી.ટી.વી. કેમેરાના ડી.વી.આર.ની ચોરી કરી હોવાનો બનાવ બનેલ છે.

વિગત એવી છે કે ઊંઝા તાલુકાના દાસજ ગામે સીન્ડીકેટ બેંકનુ એ.ટી.એમ. મશીન મુકવામાં આવેલ છે. રાત્રિના સમયે કોઈ તસ્કરો અહીં આવ્યા હતા અને સૌ પ્રથમ એ.ટી.એમ. મશીનના રૂમનુ તાળુ તોડી નાંખ્યુ હતુ. બાદ રૂમની અંદર પ્રવેશ કરી એ.ટી.એમ. બુથ તોડી આ મશીન તથા સી.સી.ટી.વી. કેમેરાના ડી.વી.આર.ની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. બેંકના એ.ટી.એમ. મશીનમાં કેટલા નાણાં હતા તે અંગે પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ થયો નથી.

આ બાબતે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી નાની મોટી ચોરીઓ, વાહનચોરીઓનો ઉપદ્રવ વધી ગયો છે. આ ઉપરાંત દારૂ, જુગાર સહિતની સમાજ વિરોધી પ્રવૃત્તિઓ પણ બેરોકટોક ધમધોકાર રીતે ચાલી રહ્યાની લોક બૂમરાણ ઉઠી છે.



## પાલનપુરમાં સૌપ્રથમ વિદ્યાર્થીઓ માટે ડ્રાઇવિંગ લાઇસન્સ કેમ્પ યોજાયો

સરકાર દ્વારા માર્ગ અકસ્માતો ઘટાડવા માટે થઈ ને ટ્રાફિકના નિયમોનું કડક પણે અમલીકરણ કરવામાં આવી રહ્યં છે ત્યારે,દેશની યુવા પેઢી અને ખાસ કરીને શાળા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કાયદાના પાલન સાથે વાહન ચલાવે એ હેતુથી સમાજ સેવ સંસ્થા સદભાવના ગ્રુપ ટ્રસ્ટ દ્વારા આર.ટી.ઓ વિભાગ અને જિલ્લા પોલીસ વિભાગના સહયોગથી ખાસ વિદ્યાર્થી ડ્રાઈવિંગ લાઈન કેમ્પ આર.ટી.ઓ કચેરીએ તા. ૧૭ થી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન યોજવામાં યોજવામાં આવ્યા. આ કેમ્પના સમયે વિદ્યાર્થીનો અભ્યાસનો સમય ન બગડે અને કોઈ અન્ય ખોટા ખર્ચના ભોગ ન બનવું પડે એ રીતે આર.ટી.ઓ કચેરીએ યોજવામાં આવ્યા હતા. જે અંતર્ગત પાલપુરની જુદી જુદી શાળા કોલેજના અંદાજે ૬૮૦ જેટલા વિદ્યાર્થીઓએ ટેસ્ટ આપી પોતાના લાઈસન્સની પરીક્ષા પાસ કરી હતી અને કાયદાના પૂર્ણ પાલન સાથે હેલ્મેટ અને લાઈસન્સ સાથે વાહન ચલાવવાની પ્રતિજ્ઞા લીધી હતી.

### મહેસાણાની દૂધસાગર ડેરી દ્વારા પણ પ્લાસ્ટિક મુક્ત ભારતના અભિયાનમાં

# સહભાગી બનવા માટે અનોખી યોજના દૂધ સાગર ડેરી દ્વારા આરંભાઈ

આજે સમગ્ર વિશ્વ પર્યાવરણને લઈને ભારે ચિંતિત છે જ્યારે મૂળ મહેસાણાના અને હાલના પ્રધાનમંત્રી દ્વારા સ્વચ્છ ભારત અને પ્લાસ્ટિક મુક્ત ભારતનું અભિયાન સમગ્ર દેશમાં ચલાવવામાં આવી રહ્યું છે ત્યારે મહેસાણાની દૂધસાગર ડેરી દ્વારા પણ આ અભિયાનમાં સહભાગી બનવા માટે અનોખી યોજના દૂધ સાગર ડેરી દ્વારા શરૂ કરવામાં આવી છે. જેમાં દૂધસાગર ડેરીની ૧૦૦ જેટલી દૂધની પ્લાસ્ટિકની ખાલી કોથળીઓ ડેરીના જે તે આઉટલેટ કે પાર્લર પર ગ્રાહક પરત આપશે તો તે ગ્રાહકને ૫૦૦ એમએલની એક દૂધની થેલી મફત આપવા માં આવશે અને ૫૦ જેટલી પ્લાસ્ટિકની છાસની થેલીઓ પરત કરાશે તો છાશની થેલી મફત અપાશે.

મહેસાણા દૂધ સાગર ડેરી દ્વારા એક નવો અભિગમ હવે પર્યાવરણ માટે કરવામાં આવી રહ્યો છે. આ અનોખી યોજનામાં મહેસાણાના દૂધ સાગર ડેરીના ગ્રાહકો અત્યાર સુધી દૂધની પ્લાસ્ટિકની થેલીઓ વપરાશ બાદ જ્યાં ત્યાં નાંખી દેતા હતા. જેને લઈને આ પ્લાસ્ટિકની થેલીઓ રખડતી જોવા મળતી હતી જેથી પ્રદુષ થવાની રાવ હતી જે પગલે મહેસાણા દૂધ સાગર ડેરીએ નવતર અભિગમ શરુ કર્યો છે. જેમાં ભારતની સાથે મહેસાણા જ નહીં ઉત્તર ગુજરાત પણ પ્લાસ્ટિક મુક્ત બને તે માટે ડેરીએ ફેંકી દેવાતી દૂધની પ્લાસ્ટિકની થેલીઓને એકઠી કરવાનું બિડુ ઝડપ્યું છે. જેમાં મહેસાણાની દૂધસાગર ડેરીએ પ્લાસ્ટિક મુક્ત ભારત માટે અનોખી પહેલ શરૂ કરી છે. જેમાં કોઈ ગ્રાહક વપરાયેલી ૧૦૦ થેલી દૂધની પાછી આપે તો સામે નવી ૧ દૂધથી ભરેલી થેલી ભરેલી આપવામાં આવશે જ્યારે ૫૦ થેલી કોઈ ગ્રાહક એકઠી કરીને આપશે તો તમને ૧ છાશની થેલી અપાશે જેના કારણે લોકો પ્લાસ્ટિકની થેલીઓ જેમતેમ ફેંકશે નહીં. આ અનોખી પહેલથી પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાનને વેગ મળશે અને આ યોજના થકી ગ્રાહકો માની રહ્યાં છે કે આ અનોખી પહેલથી અમોને જે થેલીનું કઈ મળતું ન હતું તે થેલી થકી અમોને એક થેલીનો લાભ મળશે. દિનેશભાઈ બારોટ ગ્રાહકએ જણાવ્યું હતું મહેસાણાની દૂધ સાગર ડેરીએ પ્લાસ્ટિક મુક્ત અનોખી પહેલ શરૂ કરી છે. જેમાં કોઈ ગ્રાહક દૂધસાગરનાં દૂધની ખાલી ૧૦૦ થેલી પાછી આપે તો તેની સામે નવી ૧ દૂધની થેલી મળશે. જ્યારે ૫૦ થેલી આપશો તો તમને ૧ છાશની થેલી મળશે.

